# જાહેરનામુ

ક્રમાક. ગ / ઉપક / લાયસન્સ શાખા /          /૨૦૧૯

પોલીસ કમિશનરશ્રીની કચેરી,શાહીબાગ,અમદાવાદ શહેર,તા:    /૦૩/૨૦૧૯

ફોન નં: ૦૭૯ ૨૫૬૨૦૦૫૩    ઈમેલ એડ્રેસ : licencebranch305@gmail.com

ભારતના ચુંટણીપંચ નવી દિલ્હી તરફથી લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૧૯ યોજવાનુ જાહેર કરવામાં આવેલ છે.જેમાં ગુજરાત રાજ્ય ખાતે તા:૨૩/૦૪/૨૦૧૯ના રોજ લોકસભા સામાન્ય ચુંટણી યોજવામાં આવેલ છે.ચુંટણી દરમ્યાન અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર પ્રકીયા માટે જરુરી શાંતીમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહશાંતીનો ભંગ થતો અટકાવવા અત્યત જરુરી જણાતુ હોવાથી તથા ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-૯ અને ૨૪૩-વક ની જોગવાઈ હેઠળ શાંતીપુર્ણ, મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચુંટણી યોજવા નિવારણ પગલાના ભાગરુપે વિવિધ પગલાઓ લેવા નુ જરુરી જણાતુ હોવાથી ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ની કલમ,૧૪૪ મુજબ પગલા લેવા માટેના કારણો છે.

૨. સબબ હું એ.કે.સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, અમદાવાદ આથી આગામી ગુજરાત રાજ્યની લોકસભા સામાન્ય ચુંટણીને અનુલક્ષીને જાહેર શાંતી અને સલામતીના હિતમાં નિર્વાચન આયોગ તરફથી સંવિધાનની કલમ ૩૨૪ થી આપેલ સત્તા તથા ફોજદારી અધિનીયમ, ૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનીયમ) ની કલમ ૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રુએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં રહેતા દરેક જાતના હથિયારોના પરવાનેદારોને આદેશ કરુ છું કે તેઓ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથિયારો આ જાહેરનામુ પ્રસિધ્ધ થયાની તારીખ થી દિન-૭ માં જે તે લાગતા વળગતા પોલીસ સ્ટેશનમાં અનામત જમા કરાવી દેવા અને સબંધકર્તા તમામ પોલીસ સ્ટેશનોએ તેમના પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં રહેતા અને હથિયાર પરવાનો ધરાવતા તમામ પરવાનેદારશ્રીઓ તરફથી તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાં આવે તે માટેના પગલા લેવા તેમજ આ પ્રકારે તમામ હથિયારો જમા લઇ થયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવા આદેશ કરુ છુ.

૩. આ આદેશ પોલીસ કમીશ્નર, અમદાવાદ શહેર તરફથી ઈસ્યુ કરાયેલ લાયસન્સો સિવાય બીજા પણ દરેક હથિયાર પરવાનેદારો કે જેઓ એ બીજા કોઇ પણ હથિયાર લાયસન્સ આપનાર સત્તાધિશ તરફથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેમને પણ લાગુ પડશે. તેમજ આ આદેશ અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરેટ હદ વિસ્તારમાં રહેતા અને અમદાવાદ શહેરની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકો ને લાગુ પડશે તેમજ હથિયાર ખરીદ વેચાણ કરતા પરવાનેદારો હથિયાર ખરીદ વેચાણ આ સમયગાળા દરમ્યાન કરશે તો પણ હથિયારની સોંપણી આ જાહેરનામાની તારીખ થી ચુંટણી પ્રક્રીયા પુર્ણ થતા સુધી પરવાના ધારકોને કરી શકશે નહી. તેમજ સબંધીત પોલીસ સ્ટેશનને જે તે પરવાનેદારશ્રીને તેમનુ અનામત જમા લીધેલ હથિયાર ચુંટણી પ્રક્રીયા પુરી થયા પછી પરત કરવાનુ રહેશે. અને તેના માટે કોઈ પણ અલગ હુકમની જરુરીયાત રહેશે નહી.

૪ .આ આદેશમાંથી નીચે જણાવ્યા મુજબના હથિયાર પરવાનેદાશ્રીઓને મુક્તી આપવામાં આવે છે.

**(અ)** અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેન્ક કોર્પોરેશન સહિત) સ્થાનીક સ્વરાજની સંસ્થાઓના નામે જે હથિયાર પરવાનો ધરાવતા હોય તથા જે રાજ્ય કે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય લેવલ ની શુટીગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન છે તેમને તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાંથી મુક્તી આપવામાં આવે છે. પરતું જે તે વ્યકતીના વ્યકતીગત નામે વ્યકતીગત હેતુ માટે ઈસ્યુ થયેલ હથિયાર પરવાનાને ઉક્ત આદેશમાથી મુક્તી મળશે નહી.

**(બ)** માન્યતા ધરાવતી સીક્યુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ તથા કરન્સી ચેસ્ટની લેવડ દેવડ કરતા હોય તેવા હથિયારધારી સીક્યોરીટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાંથી મુક્તી આપવામાં આવે છે. આવા સીક્યોરીટી ગાર્ડ તેઓ જે બેન્કમાં સીક્યોરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનુ સબંધીત બેન્કના મેનેજરનુ પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનુ પોતાની સાથે રાખવાનુ રહેશે. તેમજ જે તે સબંધીત બેન્કના મેનેજરશ્રીએ આવા સીક્યોરીટી ગાર્ડની વિગતવારની માહિતી જે તે સબંધીત પોલીસ સ્ટેશનને કરવાની રહેશે અને સબંધીત પોલીસ સ્ટેશને આ અંગે નિયમાનુસારની ચકાસણી કરી લેવાની રહેશે.

**(ખ)** કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના અધિકારી/ કર્મચારીઓ કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલ છે અને ચુંટણીની ફરજ ઉપર હોય તેમને લાગુ પડશે નહી.

**(ડ)** કેશ મુવમેન્ટ રોકડ, સોના, ચાંદી, કિંમતી વસ્તુઓની હેરફેર માટે તેની સુરક્ષાની કામગીરીમાં રોકાયેલા હોય તથા વાયટલ ઈન્સ્ટોલેશન ઉપર ફરજ બજાવતા હોય તેમને લાગુ પડશે નહીં.

**(ઈ)** જે હથિયાર પરવાના ધારકો એવી લેખીત બાંહેધરી આપે કે પોતે પોતાના હથિયારો ઉપયોગ ચુંટણીની પ્રકીયાને અસર કરે નહી અને ચુંટણી દરમ્યાન હથિયાર પ્રદર્શનના હેતુ સારુ કે મતદારોને ડરાવવા ધમકાવવા કે કોઇ ચોક્કસ પક્ષની તરફેણમાં કે વિરુધ્ધમાં મત આપવા માટે કરશે નહી. તેવી બાંહેધરી આપનાર લાયસન્સ ધારકોને સ્કીનીંગ કમીટી વિવેક બુધ્ધિથી હથિયાર જમા લેવા માંથી મુક્તિ આપશે.

**(એફ)** જે હથિયાર પરવાના ધારકોની હથિયારના પરવાના તેઓના ધંધા/વ્યવસાયને ધ્યાને લઇને પરવાનો આપેલ હોય જેમ કે જવેલર્સ, આંગડીયા પેઢી, હિરાના વેપારી, બિલ્ડર્સ, વિગેરે તેઓને પણ મુદ્દા (ઇ) મુજબ અન્ડર ટેકીંગ (બાંહેધરી) લઇને મુક્તી આપી શકશે.

**(જી)** પોલીસ કમીશ્નરશ્રીની ખાસ પરવાનગી મળેલ હોય તેમને લાગુ પડશે નહી.

**(એચ)** જે પરવાનેદારોને આ હુકમથી હથિયાર જમા કરાવવામાંથી મુકતી મળે છે.તેઓએ પણ જે તે સંબધીત પોલીસ સ્ટેશનમાં લેખીતમાં જાણ કરવાની રહેશે.

**(આઇ)** મુક્તિ મેળવવા પાત્ર હથિયાર પરવાનેદારોને સ્ક્રિનીગ કમિટી નક્કી કરે તે રીતે મુક્તિ આપી શકશે.

**૫.** હથિયાર પરવાનેદારોએ ઉક્ત વિગતે તેમના પરવાનાવાળા હથિયારો જે તે લગત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે. તે હથિયારના કાર્ટીસ/દારુગોળો જમા કરાવવાની જરુર નથી.

**૬.** આ આદેશનુ પાલન નહી કરનાર શસ્ત્ર અધિનીયમ, ૧૯૫૯ ની કલમ, ૨૫ હેઠળ સજાને પાત્ર ઠરે છે તેમજ ઈપીકો કલમ ૧૮૮ મુજબ પણ પગલા લેવામાં આવશે.

**૭.** આ જાહેરનામું ભારતના ચુંટણી પંચ તરફથી લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૧૯ ની ચુંટણી તારીખ જાહેર થાય તે તારીખથી અમલી બનશે અને ચુંટણી પ્રક્રીયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

૮.આ આદેશની પ્રસીધ્ધી વર્તમાનપત્રો દ્વારા તેમજ જાહેર નોટીસ બોર્ડ ચોટાડી કરવાની રહેશે.

આજ રોજ તા. **/૦૩/૨૦૧૯** ના રોજ આ આદેશ મારી સહિ તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

**તા. /૦૩/૨૦૧૯**
**અમદાવાદ શહેર.**

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**<u>નકલ સવિનય રવાના :</u>**
૧.મેનેજરશ્રી ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટમાં પ્રસીધ્ધ કરવા સારુ
૨.અધિક મુખ્ય સચીવશ્રી ગૃહ વિભાગ ગુજરાત સરકાર સચીવાલય ગાંધીનગર.
૩.પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.પોલીસ ભવન ગાંધીનગર.

૪.કલેકટરશ્રી જીલ્લા કલેટરની કચેરી સુભાષબ્રીજ અમદાવાદ.
૫.કલેકટરશ્રી જીલ્લા કલેટરની કચેરી ગાંધીનગર.
૬.અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ ગુ.રા અમદાવાદ (૫ નકલ) .
૭. રજીસ્ટ્રારશ્રી સીવીલ અને સેશન કોર્ટ ભદ્ર અમદાવાદ (૫ નકલ ).
૮. રજીસ્ટ્રારશ્રી સેસન્સ કોર્ટ ભદ્ર અમદાવાદ ( ૫ નકલ ) .
૯.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘીકાંટા અમદાવાદ (૨૫ નકલ)
૧૦.મ્યુનીસિપલ કમીશ્નરશ્રી દાણાપિઠ અમદાવાદ શહેર
૧૧.પબ્લીક પ્રોસીક્યુટરશ્રી સીટી સીવીલ અને મેટ્રોપોલીટનની કોર્ટ અમદાવાદ શહેર
૧૨.સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી અમદાવાદ શહેર
૧૩.માહીતી નીયામકશ્રી સચીવાલય ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારુ અને દૈનીક સમાચાર પત્રોમા પ્રસીધ્ધ કરાવવા સારુ

<u>**નકલ રવાના :**</u>

૧. સંયુક્ત પોલીસ કમીશ્નરશ્રી સેકટર-૧ અને સં.પો.કમિ.શ્રી ક્રાઈમ બ્રાન્ચ,વિશેષ શાખા,મુખ્ય મથક,ટ્રાફિક શાખા અને અધિક પો.કમિ.શ્રી સેકટર-૨ અમદાવાદ શહેર
૨.નાયબ પોલીસ કમીશનરશ્રી ઝોન-૧ થી ૭,ક્રાઈમ,કંટ્રોલ,ટ્રાફીક અમદાવાદ શહેર
૩.તમામ અધિક નાયબ પોલીસ કમીશનરરશ્રી અમદાવાદ શહેર
૪.તમામ મદદનીશ પોલીસ કમીશનરશ્રી "એ" થી "એન" ડીવીઝન,ક્રાઈમ,એસ.ઓ.જી,ટ્રાફીક,મુખ્ય મથક અમદાવાદ શહેર
૫.જનસંપર્ક અધિકારી કન્ટ્રોલ રુમ અમદાવાદ શહેર
૨/- જાણસારુ દૈનીક પત્રોમાં, દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસીધ્ધ કરવા સારુ
૬.મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી ટ્રાફીક બ્રાન્ચ અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઈલ, વાન મારફતે જાહેરનામાની જાણ કરવા સારુ
૭.પોલીસ ઈન્સપેકટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
૨/- જાણ સારુ તેમજ પો.સ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારુ જાહેરનામાની એક નકલ તમારા વિસ્તારમા આવેલ કલબ/જીમખાના ના સંચાલક/રાયફલ કલબના મેનેજરને સુપ્રત કરીને બીજી નકલ ઉપર તેમની સહી મેળવી પો.સ્ટે રેકર્ડમાં રાખવું.તેમજ પો.સ્ટેના નોટીસ બોર્ડ,ચોકીના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવું અને તમામ હથિયાર પરવાનેદારશ્રીને પણ જાણ કરવી